# Day to Day Current Affairs

**7. ઓક્ટોબર 2015**

## ૧. ભૌતિકશાસ્ત્રનું નોબેલ પ્રાઇઝ :

- વર્ષ 2015નું ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક જાપાનના તકાકી કાજિતા અને કેનેડાના આર્થર બી.મેકડોનાલ્ડને એનાયત થયો.

- તેમને 80 લાખ સ્વીડિશ ક્રોનરની ઇનામી રકમ માંથી અડધી- અડધી રકમ મળશે.

- સૂર્ય અને તારાના કણમાં પણ ભાર હોય છે. તેવી શોધ માટે તેમને આ પારિતોષિક એનાયત થશે.

- બ્રહ્માંડમાં દરેક સમયે નાના-નાના કણ હાજર હોય છે. આ સુક્ષ્મ ન્યુટ્રિનો કણ આપણા શરીરની આસપાસ પણ રહે છે.

- સૂર્ય અને તારાઓથી નિકળેલા અબજો ન્યુટ્રિનો કણ દરેક પળે કાચિંડાની જેમ રંગ બદલે છે.

- આ શોધથી પદાર્થની આંતરીક ગતિ વિધિઓ તેમજ બ્રહ્માંડ વિશે નવી સમજ વિકસિત થઇ શકશે.

- ન્યુટ્રિન શુ છે ? :

તે સુક્ષ્મ કણ છે જે સૂર્ય અને તારાઓના નાભિકીય રિએકશનથી કે પરમાણુ પરમાણુ ઉર્જા પ્લાન્ટોમાં ઉત્પન થાય છે. 60 અબજ ન્યુટ્રિનો દર સેકન્ડે દર ચોરસ સેમીના દરે સૂર્યથી પૃથ્વી પર પહોંચે છે તેમાથી રોજ માત્ર ત્રણ ન્યુટ્રિનો પકડાય છે.

- 1901થી અત્યાર સુધીમાં 201 વિજ્ઞાનીઓને ફિઝિક્સનું નૉબેલ પારિતોષિક મળી ચૂક્યુ છે જેમા બે મહિલાઓનો પણ સમાવેશ થાય છે.
- 1930માં ભારત રત્ન સર સી.વી.રામન તથા 1983માં ભારતીય મુળના અમેરિકી એસ્ટ્રોફિઝિસિસ્ટ સુબ્રમણ્ય ચંદ્રશેખરને પણ ફિઝિક્સનું નૉબેલ પારિતોષિક મળ્યું હતું.

## ૨. US ના પાંચમાં રાજયમાં ઇચ્છા મૃત્યુને મંજુરી :

- તાજેતરમાં અમેરિકાના કેલિફોર્નિયામાં ગવર્નર જેરી બ્રાઉન દ્વારા ઇચ્છા મૃત્યુને મંજુરી આપી દેવાઇ છે.

- આ સાથે કેલિફોર્નિયા ઇચ્છા મૃત્યુ મેળવનારૂ અમેરિકાનું પાંચમુ રાજ્ય બન્યું.

- અમેરિકામાં મોન્ટાના, ઓરેગોન, વૉશિંગ્ટન અને વરનોટ પ્રાંતમાં પહેલેથી ઇચ્છામૃત્યુને પરવાનગી આપેલી છે.

## 3. લોક સાહિત્યકાર જોરાવરસિંહ જાદવને મેઘાણી એવોર્ડ :

- આગામી તા.9 ઓક્ટોબરના રોજ લોકસાહિત્યકાર સંશોધન અને સંવર્ધક જોરાવરસિંહ જાદવને મોરારી બાપુના હસ્તે ‘મેઘાણી એ એવોર્ડ’ આપી સાન્માનિત કરવામાં આવશે.

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઝવેરચંદ મેઘાણી કેન્દ્ર દ્વારા દર વર્ષે લોકસાહિત્યાને ઉજાગર કરવાનું કામ કરનાર લોકસાહિત્યકારને ‘મેઘાણી એવોર્ડ’ આપી સન્માનિત કરવામાં આવે છે.

- વર્ષ 2011 થી દર વર્ષે અપાતા આ એવોર્ડમાં ઇનામ સ્વરૂપે રૂ 1લાખ અને પ્રશસ્તિપત્ર અપાય છે.

## ૪. ભારત – જર્મની કરાર :

- ભારતના ત્રણ દિવસના પ્રવાસે આવેલા જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલે ભારતમાં જર્મનીકંપનીઓને વેપાર માટે ઝડપી મંજુરી આપવા અને જર્મની દ્વારા એક અબજ યુરોનું સોલાર પાવર ફંડ પુરૂ પાડવા સહિત 18 કરાર પર હસ્તાક્ષર કર્યા.

Vivekanand Academy, Gandhinagar